**વિષય:- વિધાનસભા તારાકીંત પ્રશ્ન ક્રમાંક :-૧૫/૪/૨૬**

**પ્રશ્નકર્તા:- માન.ધારાસભ્યશ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર(જામ જોધપુર)**

**મુખ્ય પ્રશ્ન:-(૧) રાજકોટ અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૭ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૨૭ ની કામગીરી ૭૫ ટકા જેટલી પૂર્ણ થયેલ તે કામગીરી ટેન્ડર પ્રમાણે જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે કહીકત સાચી છે ?**

**(૨) જો હા તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે ?**

**(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોઈ તો ક્યારે કઈ એજન્સીને સમયની મુદ્દતમાં કેટલો વધારો કરવામાં આવ્યો ? અને**

**(૪) ઉક્ત રસ્તાની કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ?**

# પૂરક નોંધ

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૭ કિમી ૧૬/૦૦ થી ૧૮૨/૪૯૦ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૨૭ કિમી ૧૮૫/૨૩૦ થી ૨૧૬/૦૦૦ અમદાવાદ – બગોદરા – લિંબડી – સાયલા – બામણબોર અને રાજકોટ – બામણબોર રોડનું કામ વર્ષ–૨૦૧૮ માં કામ ચાલુ કરેલ અમદાવાદ–રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગની કામગીરી જાન્યુઆરી–૨૦૨૦માં પુર્ણ કરવાની હતી. હાઇવે બંને બાજુ રક્ષિત વન હોવાથી ઝાડ કાપવાની અને વનની પરવાનગી આપવવામાં વન વિભાગ દ્વારા વિલંબ, કોવિડ–19 મહામારીના કારણે, જમીન સંપાદનમાં તેમજ સ્થાનિકો દ્વારા અતિક્રમણના લીધે સમયસર જમીન કબ્જો મળેલ નહોતો, વિદ્યુત થાંભલા ખસેડવામાં વિલંબ જેવા કારણોને લીધે સિકસલેન હાઈવેનું કામ સમયસર પૂર્ણ થયેલ નથી તેમજ સિમેન્ટ, સ્ટીલ, ડામર તેમજ અન્ય માલસામગ્રી ના ભાવ વધારા ના લીધે કોન્ટ્રાકટરના સંસાધનોની અછત, ઈજારદારની નાણાકીય અછત, તકનીકી વ્યક્તિ અને કુશળ શ્રમની અછતને લીધે કામની પ્રગતિ પર અસર થયેલ છે. સદર પ્રોજેકટની કામગીરી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**(અ) રાજકોટ–અમદાવાદ સીક્સ લેન હાઈવે બનાવવાની કામગીરી એજન્સીને કયારે કેટલા સમયમાં પુર્ણ કરવાની શરતે સોપવામાં આવેલ છે.તેની વિગતે નીચે છે.**

| પેકેજ નંબર | ઈજારદારશ્રીનું નામ | ટેન્ડર પ્રમાણે કામગીરી ચાલુ કરવાની તારીખ | ટેન્ડર પ્રમાણે કામગીરી પૂર્ણ કરવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ કન્ટ્રક્શન ઈન્ટિગ્રેટેડ વર્કસ ઓફ એડમેનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ ઓફ વરખોવના રાડા ઓફ યુક્રેઈન જે.વી. માધવ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ. અને એમ.એસ. ખુરના એન્જીનિયરિંગ લિ | ૦૮.૦૧.૨૦૧૮ | ૦૭.૦૧.૨૦૨૦ સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦23 સુધી વધારવામાં આવેલ છે. |
| ૨ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ | ૦૮.૦૧.૨૦૧૮ | ૦૭.૦૧.૨૦૨૦ સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦23 સુધી વધારવામાં આવેલ છે. |
| ૩ | વરાહા ઈન્ફ્રા લિમીટેડ જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. | ૧૯.૦૧.૨૦૧૮ | ૧૮.૦૧.૨૦૨૦ સમયમર્યાદા |

| પેકેજ નંબર | ઈજારદારશ્રીનું નામ | ટેન્ડર પ્રમાણે કામગીરી ચાલુ કરવાની તારીખ | ટેન્ડર પ્રમાણે કામગીરી પૂર્ણ કરવાની તારીખ |
|---|---|---|---|
| | | | તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |
| ૪ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ | ૦૮.૦૧.૨૦૧૮ | ૦૭.૦૧.૨૦૨૦ સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |
| ૫ | વરાહા ઈન્ફ્રા લિમીટેડ જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. | ૧૯.૦૧.૨૦૧૮ | ૧૮.૦૧.૨૦૨૦ સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |

**(બ) કામગીરી સોંપવામાં આવેલ એજન્સી પૈકી એજન્સીને ડમી/નકલ દસ્તાવેજો રજૂ કરીને કામગીરી મેળવી અન્ય એજન્સીઓ પાસે કામગીરી કરાવતા હોવા બાબત.**

અમદાવાદ–રાજકોટ છ–માર્ગીયકરણની કામગીરી માટે ગુજરાત સરકાર દ્વારા સડક પરિવહન મંત્રાલય, ભારત સરકારના તા.૧૭/૧/૨૦૧૭ ના પ્રસિધ્ધ કરેલ સ્ટાન્ડર્ડ ઇ.પી.સી. ડોકયુમેન્ટ આધારીત તા.૨૭/૪/૨૦૧૭ થી તા.૩/૫/૨૦૧૭ સુધીમાં કુલ પાંચ પેકેજના બીડ મંગાવવામાં આવેલ. જેમાં પાંચેય પેકેજના થઇને કુલ ૬૪ બીડર દ્વારા ટેન્ડર ભરવામાં આવેલ. જેના તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજ ટેકનીકલ બીડ ખોલવામાં આવેલ. ત્યારબાદ બીડ ઇવેલ્યુએશન કામગીરી હાથ ધરેલ અને તેમાં પાંચેય પેકેજના થઇને કુલ ૬૧ બીડરોને કવોલીફાય જાહેર કરી ફાઇનાન્સીયલ બીડ ખોલવામાં આવેલ. જેમાં દરેક પેકેજમાં જે એલ.–૧ બીડર્સ હતા તેમને વર્ક ઓર્ડર આપવામાં આવેલ. કુલ પાંચ પેકેજ પૈકી પેકેજ–૧, પેકેજ–૩ અને પેકેજ–૫ માં જોઇન્ટ વેન્ચર કરેલ જયોર પેકેજ–૨ અને ૪ માં સીંગલ એજન્સી એલ–૧ બીડર્સ થયેલ હતા.

| ક્રમ નં. | પેકેજ નંબર | ઈજારદારશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ૧ | સ્ટેટ કન્ટ્રકશન ઇન્ટિગ્રેટેડ વર્કસ ઓફ એડમેનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ ઓફ વરખોવના રાડા ઓફ યુક્રેઇન જે.વી. માધવ ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ. અને એમ.એસ. ખુરના એન્જીનિયરિંગ લિ |
| ૨ | ૨ અને ૪ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ |
| ૩ | ૩ અને ૫ | વરાહા ઇન્ફ્રા લિમીટેડ જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. |

તમામ પાંચ પેકેજ માટે ટેન્ડરની જોગવાઇ અનુસાર ટેન્ડરમાં આપેલ માપદંડના પરિપ્રેક્ષમાં દરેક બીડર પાત્રતા ધરાવે છે તેના માટે પુરતી ચકાસણી કરવામાં આવેલ અને તેના નાણાંકીય અને ભૌતિક માપદંડ પરિપૂર્ણ

થાય તેવા બીડર્સને જ કવોલીફાય કરવામાં આવેલ હતા. ત્યારબાદ તેમના ફાઇનાન્સીયલ બીડ ખોલવામાં આવેલ અને તમામ પાંચ પેકેજમાં એલ.–૧ બીડર્સને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.

તદ્ ઉપરાંત વધુમાં ગુજરાત સરકાર દ્વારા જે પેકેજમાં જોઇન્ટ વેન્ચરમાં વિદેશી કંપની ભાગીદાર હતી તે કંપની માટે ટેન્ડરની જોગવાઇ અનુસાર રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર હિતનો પરિપ્રેક્ષ્યમાં ગૃહ મંત્રાલય–ભારત સરકાર તથા સડક પરિવહન મંત્રાલય–ભારત સરકાર પાસેથી મંજુરી માંગેલ. જેની સડક પરિવહન મંત્રાલય દ્વારા સદરહુ ત્રણેય પેકેજના બીડર્સ માટેની મંજુરી આપ્યા બાદ સદરહુ બીડર્સોને કામગીરી સોંપવામાં આવેલ.

- **પેકેજ–૧** માં ટેન્ડરની જોગવાઈ અનુસાર બીડ મંગાવવામાં આવેલ અને ઓનલાઇન ૧૦ બીડ આવેલ હતી તેમાંથી ૧ બીડર ડીસ્કવોલીફાય થતા કુલ ૯ બીડર્સની ફાઈનાન્સિલ બીડ ખોલવામાં આવેલ હતા. જેમાં મે. સ્ટેટ કન્સ્ટ્રકશન ઈન્ટીગ્રેટેડ વર્ક્સ ઓફ એડમીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ ઓફ ધ વર્ખોવના રાડા ઓફ યુક્રેન (૫૨%) અને માધવ ઈન્ફ્રાપ્રોજેક્ટ લી. (૨૪%) અને એમ.એસ. ખુરાના એન્જીનીયર લી. (૨૪%) ની જોઈંટ વેંચર દ્વારા ૧.૯૧૭૮ % નીચું બીડ ભરવામાં આવેલ જે એલ.૧ બીડર્સ બનતા સદરહુ કંપની ને ટેન્ડરની જોગવાઈ અનુસારની ટેકનીકલ અને ફાઈનાન્સિયલ ક્ષમતા ધરાવતી હોઈ ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સડક પરિવહન અને રાજ માર્ગ મંત્રાલયની તા.૩૦/૧૧/૨૦૧૭ થી મંજુરી મેળવીને તે કામ તેમને તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ મંજુરી આપવામાં આવેલ.
- **પેકેજ–૨** માં ટેન્ડરની જોગવાઈ અનુસાર બીડ મંગાવવામાં આવેલ અને ઓનલાઈન ૮ બીડ આવેલ હતી તેમાંથી તમામ ૮ બીડર્સની ફાઈનાન્સિલ બીડ ખોલવામાં આવેલ હતા. જેમાં સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ દ્વારા ૩.૮૨૫૩%નીચું બીડ ભરવામાં આવેલ જે એલ.૧ બીડર્સ બનતા સદરહુ કંપની ને ટેન્ડરની જોગવાઈ અનુસારની ટેકનીકલ અને ફાઈનાન્સિયલ ક્ષમતા ધરાવતી હોઈ તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ મંજુરી આપવામાં આવેલ.
- **પેકેજ–૩** માં ટેન્ડરની જોગવાઈ અનુસાર બીડ મંગાવવામાં આવેલ અને ઓનલાઈન ૧૫ બીડ આવેલ હતી તેમાંથી ૧ બીડર ડીસ્કવોલીફાય થતા કુલ ૧૪ બીડર્સની ફાઈનાન્સિલ બીડ ખોલવામાં આવેલ હતા. જેમાં વરાહા ઇન્ફ્રા લિમીટેડ (૪૯ %) જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. (૫૧ %) ની જોઈંટ વેંચર દ્વારા ૯.૬૧૯૫% નીચું બીડ ભરવામાં આવેલ જે એલ.૧ બીડર્સ બનતા સદરહુ કંપની ને ટેન્ડરની જોગવાઈ અનુસારની ટેકનીકલ અને ફાઈનાન્સિયલ ક્ષમતા ધરાવતી હોઈ ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સડક પરિવહન અને રાજ માર્ગ મંત્રાલયની તા.૩૦/૧૧/૨૦૧૭ થી મંજુરી મેળવીને તે કામ તેમને તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ મંજુરી આપવામાં આવેલ.
- **પેકેજ–૪** માં ટેન્ડરની જોગવાઈ અનુસાર બીડ મંગાવવામાં આવેલ અને ઓનલાઈન ૧૭ બીડ આવેલ હતી તેમાંથી તેમાંથી ૧ બીડર ડીસ્કવોલીફાય થતા કુલ ૧૬ બીડર્સની ફાઈનાન્સિલ બીડ ખોલવામાં આવેલ હતા. જેમાં સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ દ્વારા ૧૧.૭૩૯૨% નીચું બીડ ભરવામાં આવેલ જે એલ.૧ બીડર્સ બનતા સદરહુ કંપની ને ટેન્ડરની જોગવાઈ અનુસારની ટેકનીકલ અને ફાઈનાન્સિયલ ક્ષમતા ધરાવતી હોઈ તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ મંજુરી આપવામાં આવેલ.
- **પેકેજ–૫** માં ટેન્ડરની જોગવાઈ અનુસાર બીડ મંગાવવામાં આવેલ અને ઓનલાઈન ૧૪ બીડ આવેલ હતી જે તમામ ૧૪ બીડર્સના ફાઈનાન્સિલ બીડ ખોલવામાં આવેલ હતા. જેમાં વરાહા ઇન્ફ્રા લિમીટેડ (૪૯ %) જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. (૫૧ %) ની જોઈંટ વેંચર દ્વારા ૭.૭૬૯૫% નીચું બીડ ભરવામાં આવેલ જે એલ.૧ બીડર્સ બનતા સદરહુ કંપની ને ટેન્ડરની જોગવાઈ

અનુસારની ટેકનીકલ અને ફાઈનાન્સિયલ ક્ષમતા ધરાવતી હોઈ ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સડક પરિવહન અને રાજ માર્ગ મંત્રાલયની તા.૩૦/૧૧/૨૦૧૭ થી મંજુરી મેળવીને તે કામ તેમને તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ મંજુરી આપવામાં આવેલ.